

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નડીયાદના વિશ્વખ્યાત સંતરામ મંદિરમાં ૧૮૭માં સમાધિ મહોત્સવના અવસરે મહાસુદ પૂનમની પરમ પવિત્ર સાકરવર્ષાના પર્વે ધર્મ સ્થળ સંતરામ મંદિરની મુલાકાત લીધી હતી. સંતરામ સેવા પરંપરાના આદ્યસ્થાપક વિશ્વ વંદનીય યોગીરાજ શ્રી સંતરામ મહારાજના સમાધિ સ્થળે શ્રધ્ધાપૂર્વક વંદના કરી હતી અને પરંપરાના વર્તમાન ગાદીપતિ પરમ પૂજ્ય રામદાસજી મહારાજ પાસેથી રાજ્યની પ્રગતિ અને સુખ સમૃદ્ધિ માટે પરમ આશિષ મેળવ્યા હતા.

### આત્મારામનું ધોતિયુ કાઢી માર મારવાનો કેસમાં

# પ્રવિણ તોગડિયા સહિતના ૩૯ આરોપીને અંતે નિર્દોષ

## સરકારી પક્ષ તરફથી કેસ પાછો ખેંચવા કરાયેલી અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી : ૨૨ વર્ષ જૂના ચકચારી કેસનો નિકાલ

ગુજરાત સહિત દેશભરમાં ભારે ચકચાર જગાવનાર ૧૯૯૬ના સરદાર પટેલ સ્ટેડિયમમાં સર્જાયેલા ધોતિયાકાંડના કેસમાં અત્રેની મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ જે.બી.બારોટે એક મહત્વપૂર્ણ હુકમ મારફતે વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયા, ભાજપના ધારાસભ્ય બાબુ જમનાપટેલ સહિત ૩૯ આરોપીઓને આ કેસમાંથી નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો. ખૂબ જ સંવેદનશીલ એવા આ કેસમાં સરકારપક્ષ તરફથી સીઆરપીસીની કલમ-૩૨૧ હેઠળ આ કેસ વીથ ડ્રો કરવા માટેની અરજી કરવામાં આવી હતી, જે કોર્ટે ગ્રાહ્ય રાખી આ કેસના તમામ ૩૯ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. આ મહત્વપૂર્ણ હુકમ સાથે જ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૨ વર્ષ જૂના ચકચારભર્યા અને રાજકીય દ્રષ્ટિકોણથી ખૂબ જ સંવેદનશીલ એવા આ કેસનો નિકાલ કર્યો હતો. મેટ્રોપોલીટન કોર્ટના આ હુકમને પગલે ડો.પ્રવીણ તોગડિયા સહિતના આરોપીઓને બહુ મોટી રાહત મળી છે.

ગુજરાત સહિત દેશભરમાં ભારે ચકચાર જગાવનાર ૧૯૯૬ના સરદાર પટેલ સ્ટેડિયમમાં સર્જાયેલા ધોતિયાકાંડના કેસની સુનાવણીમાં આજે બાજપના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલ સહિતના ૨૦ આરોપીઓ અદાલત સમક્ષ હાજર રહ્યા હતા, જો કે, વિહિપના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયા સહિતના કેટલાક આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર રહ્યા ન હતા. દરમ્યાન સરકારી વકીલ વાય.કે.વ્યાસે સીઆરપીસીની કલમ-૩૨૧ મુજબ, આ કેસ વીથ ડ્રો કરવાની અરજી આપી હતી, જેને ધ્યાનમાં લીધા બાદ કોર્ટે સરકારપક્ષની આ અરજી ગ્રાહ્ય રાખી ઉપરોકત હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ચકચારભર્યા એવા આ કેસમાં વારંવારની મુદત છતાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર નહી રહેતાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટે તા.૪-૧-૨૦૧૮ના રોજ ડો.પ્રવીણ તોગડિયા, બાબુ જમનાદાસ સહિતના કેટલાક આરોપીઓ વિરૂધ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યા હતા. જેને પગલે બીજા દિવસે એટલે કે, તા.૫-૧-૨૦૧૮ના રોજ વિહિપના ડો.પ્રવીણ તોગડિયા, બાબુ જમનાદાસ પટેલ સહિતના નવ આરોપીઓ મેટ્રોપોલીટન કોર્ટમાં રૂબરૂ હાજર થયા હતા. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ જે.એ.બારોટે આ તમામ આરોપીઓ તરફથી વોરંટ રદ કરવા કરાયેલી વિનંતીને માન્ય રાખી તમામ વિરૂધ્ધના વોરંટ રદ કર્યા હતા અને આ નવ આરોપીઓને રૂ.૧૫ હજારના શરતી જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો.

# ગોધરાકાંડનો આરોપી ઝડપાયો

દેશ અને દુનિયામાં ખળભળાટ મચાવનારા ગોધરાકાંડના જઘન્ય હત્યાકાંડ કેસમાં છેલ્લા ૧૬ વર્ષોથી નાસતા ફરતા આરોપી યાકુબ પાતળીયાને આજે પંચમહાલ પોલીસે ગોધરાના વચલા ઓઢા વિસ્તારમાંથી આબાદ ઝડપી લીધો હતો. ગોધરાકાંડનો આરોપી ૧૬ વર્ષે પકડાતાં ફરી એકવાર દેશના સૌથી સંવેદનશીલ કેસોમાં ગણાતો એવો ગોધરાકાંડ કેસ ચર્ચામાં આવ્યો હતો. પંચમહાલ બી ડીવીઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે પોલીસે ભારે ગુપ્તતાપૂર્વક ઓપરેશન પાર પાડી ગોધરાના વચલા ઓઢા વિસ્તારમાંથી ગોધરાકાંડ કેસમાં છેલ્લા ૧૬ વર્ષથી વોન્ટેડ એવા આરોપી યાકુબ પાતળીયાને ઝડપી લીધો હતો. આટલા વર્ષોથી નાસતો ફરતો આરોપી યાકુબ પાતળીયા હાલ વયોવૃધ્ધ અવસ્થામાં ૬૩ વર્ષની વયે પહોંચી ચૂકયો છે. પોલીસે આરોપી યાકુબ પાતળીયાની ધરપકડ કરી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ને સોંપી દીધો હતો કે જે ગોધરાકાંડ કેસની તપાસ ચલાવી રહી છે. ગત તા.૨૭-૨-૨૦૦૨ના રોજ ગોધરા રેલ્વે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચ પર હુમલો કરવા એકત્ર થયેલા ટોળામાં આરોપી યાકુબ પાતળિયા પણ હિસ્સો હતો અને આ સમગ્ર જઘન્ય હત્યાકાંડ કેસમાં તેની પણ સક્રિય સંડોવણી બહાર આવી હતી. આ કેસ સંદર્ભે પાતળિયા વિરૂધ્ધ સપ્ટેમ્બર-૨૦૦૨માં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં આઈપીસીની કલમ-૩૦૭, ૧૪૩,૧૪૯, ૧૪૭, ૧૪૮, ૩૩૨, ૩૫૨ અને ૧૫૩(એ) તથા રેલ્વે એકટની સંબંધિત કલમો હેઠળ તેની વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. જો કે, આરોપી યાકુબ પાતળિયા છેલ્લા ૧૬ વર્ષોથી નાસતો ફરતો રહેવામાં સફળ રહ્યો હતો. તેનો ભાઈ કાદિર પાતળિયા પણ આ કેસમાં ૨૦૧૫માં પકડાયો હતો અને ટ્રાયલ ચાલવા દરમ્યાન જેલમાં જ મૃત્યુ પામ્યો હતો. તેનો એક બીજો ભાઈ ઐયુબ પાતળિયા વડોદરા સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો છે.



આજે શહીદ દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં બરાબર ૧૧ના ટકોરે તમામ કર્મયોગીઓએ એક છત નીચે એકત્ર થઈ શહિદોના માનમાં બે મિનિટનું મૌન પાળ્યુ હતુ.

# સે-૫ બી ખાતે શ્રીમદ્ દેવી ભાગવત કથા સંપન્ન

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે આવેલ મહાકાળી માતાજીના ૧૫ માં પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ દેવી ભાગવત કથાનું આયોજન તા.૨૨ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. પૂ. રામભાઈની વ્યાસપીઠે યોજાયેલ કથામાં દરરોજ ઝુમી ઉઠ્યા હતા.મહાકાળી મંદિર પરિસરમાં આયોજીત વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે સેકટરમાં ધાર્મિક વાતાવરણ છવાયું હતું.

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે આવેલ મહાકાળી માતાજી મંદિરનો ૧૫મો પાટોત્સવ રંગેચંગે સંપન્ન થયો હતો. પાટોત્સવ પરિસરમાં રોજ આનંદનો ગરબો, ભજન-કિર્તન સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાતા સેકટરમાં ધાર્મિક વાતાવરણ છવાયું હતું. જયારે કથા શ્રવણ સમયે દરરોજ રાજકીય આગેવાનોએ તેમજ સાધુ સંતોએ મુલાકાત લીધી હતી. જયારે આજે કથાના અંતિમ દિવસે ૧૦ હજારથી




૩ થી ૬ કલાક દરમિયાન હજ્જારો ભકતોએ કથા શ્રવણનો લાભ લીધો હતો. જયારે કથા અને પાટોત્સવ પ્રસંગે વિવિધ દિવસે રાજકીય આગેવાનો તેમજ સાધુ-સંતો હાજર રહ્યા હતા. કથાના અંતિમ દિવસે ૧૦ હજાર જેટલી ધર્મપ્રેમી નાગરીકોએ યજ્ઞ દર્શન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. જયારે કથાના સમાપન પ્રસંગે આયોજીત રાસ-ગરબામાં સૌ કોઈ મન મુકીને પ્રસંગે શ્રીમદ્ દેવી ભાગવત કથાનું આયોજન કરાયું હતું. કથાનુ દરરોજ પ્રસારણ લક્ષ ચેનલ પર દર્શાવવામાં આવતું હતું. કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટના અંબુસિંહ ગોલના હસ્તે દિપપ્રાગ્ટય કરીને કથા પ્રારંભ થઈ હતી. શહેરના હજ્જારો ધર્મપ્રેમી નાગરીકો દરરોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કથા શ્રવણ કરી હતી. મહાકાળી માતાજી મંદિર વધુ ધર્મપ્રેમી નાગરીકો યજ્ઞ દર્શનનો લ્હાવો તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. જયારે પાટોત્સવ તેમજ કથાના સમાપન પ્રસંગે આયોજીત રાસ-ગરબા યોજાયા હતા. જેમાં હજ્જારો નાગરીકોએ મનમુકીને ગરબા ઘુમે ઝુમી ઉઠ્યા હતા. સેકટર-૫ મહાકાળી માતાજીનો પાટોત્સવ તેમજ શ્રીમદ દેવી ભાગવત કથા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.



અખિલ ભારતીય મુલ્કી સેવા વૉલીબોલ સ્પર્ધા-૨૦૧૮ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે રમાશે. આ સ્પર્ધામાં ગુજરાતની વૉલીબોલ ટીમ ભાગ લેશે. ઉપરોક્ત ફોટોમાં ગુજરાતની વૉલીબોલ ટીમના ખેલાડીઓના નામ ડાબેથી ઉભેલા દિવ્યજસિંહ પરમાર, ભરત ચૌધરી, રવેસિંહ પરમાર, કનુ ચૌધરી, ધવલ પટેલ, નિલેશ વ્યાસ, ધર્મરાજ જાડેજા, વિરેન્દ્ર જાડેજા, વિપુલ ચૌધરી, પ્રકાશ ચૌધરી, રોહિત ચૌધરી અને જતીન પટેલ છે. તથા ડાબી બાજુથી બેઠેલા વિપુલ વસાવા, ડી.ડી. મોઝર, કલ્યાણ સમિતિ, ઉદય બ્રહ્મભટ્ટ, સેક્શન અધિકારી અને ભરત આચાર્ય, મેનેજર વૉલીબોલ ટીમનો સમાવેશ થાય છે. ગુજરાતની વૉલીબોલ ટીમ ૩૧મી જાન્યુઆરીએ ભોપાલ જવા રવાના થશે.

# થરાદ ડીસા હાઈવે એરવાલ્વ લીક થતાં હજારો લીટર પાણી વેડફાયું

થરાદ-ડીસા હાઈવે પરની મીઠા પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડવાના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થવા પામ્યો હતો. કોઈ વટેમાર્ગુએ એરવાલ્વમાં છેડછાડ કરતાં લીકેજ થયાનું પાણી પુરવઠા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. લુણાવાથી આવતી પીવાના મીઠા પાણીની પાઈપલાઈન થરાદ ડીસા હાઈવે પાસેથી પસાર થાય છે. જેમાં અવારનવાર લીકેજીંગના કારણે પાણીની રેલમછેલ થતી જોવા મળી રહે છે. રવિવારની રાતે તાલુકાના કરણાસર પાસે મુખ્ય પાણીની



લાઈનમાં લીકેજના હજારો લીટર પાણી વેડફાયું હતું. પાણીનું હાઈવે પર ભરાવો થવાના કારણે લોકો તથા વાહનચાલકોને હાલાકીઓ ભોગવવી પડી હતી. નોધનીય છેકે તાલુકાના કેટલાંક ગામોમાં પીવાનું પાણી નહી મળતું હોવાની બુમરાણ વચ્ચે રોડ પર પાણી વેડફાતાં પ્રજાજનોના જીવ પણ બળતા હતા. આ લીકેજ અંગે થરાદ પાણીપુરવઠા બોર્ડને જાણ કરાતાં દોડેલા કર્મચારીઓએ તેને રિપેર કરીને પુર્વવત કર્યુ હતું. આ અંગે થરાદ પાણીપુરવઠા કચેરીના એસ.ઓ. કુંવરાજી પંડ્યાએ જણાવ્યું હતુકે રોડ પર આવેલા એરવાલ્વમાં કોઈ વટેમાર્ગુ શખસ દ્વારા ખુંટી મારી છેડછાડ કરાવાના કારણે લીકેજ થવા પામ્યું હતું.

# વિરાત્રા વાંકલ માતાજીના પરંપરાગત ત્રિ-દિવસીય લોકમેળામાં મહેરામણ ઉમટ્યો

## અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના ભાવિકો પણ ઉમંગે લોકમેળામાં ઉમટી માતાજીના દર્શન કરી ધન્ય બન્યા

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૌટન નજીક વિરાત્રાધામ ખાતે પરંપરાગત યોજાયેલ ત્રિદિવસીય વાંકલ માતાજીના ભવ્ય લોકમેળામાં લાખો મહેરામણ ઉમટ્યો હતો. વિરાત્રા વાંકલ માતાજી સેવા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા અહીં ઉમટેલા યાત્રિકો માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી. એટલું જ નહીં પણ ટ્રસ્ટના પ્રમુખ વિરમસિંહ સહિત તમામ ટ્રસ્ટીઓ અને સેવાભાવી સંસ્થાઓ અને આગેવાનો દ્વારા ખડેપગે રહી યાત્રિકોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

દર વર્ષે ભરાતા આ લોકમેળામાં રાજસ્થાન ઉપરાંત ઉત્તર ગુજરાત, અમદાવાદ સહિતના શ્રદ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં આ વર્ષે પણ ઉમટી પડ્યા હતા. બાડમેર વિસ્તારમાં આવેલ ચૌહટન નજીક વિરાત્રાધામ કરોડો શ્રદ્ધાળુઓનું આસ્થાનું અનેરું ધામ હોઈ વાંકલ માતાજીની કૃપા દષ્ટિ પામવા ઠેર ઠેરથી આવતા યાત્રિકો કાયમ માટે યાત્રિકોની સેવા અર્થે ઉપલબ્ધ છે. ભર્યા ભર્યા પ્રાકૃતિક મનોરમ્ય માહોલ વચ્ચે આવેલા સ્વયંભૂ વાંકલ માતાજીના આ પુણ્ય આસ્થાના યાત્રાધામમાં દર્શન,



માટે અહીં અનેક નિઃશુલ્ક સેવાઓ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે. પર્વતીય વિસ્તારમાં અલૌકિક ભાસતા આ ધામમાં સામાન્ય દિવસોમાં પણ યાત્રિકોની મોટી અવરજવર રહેતી હોઈ ટ્રસ્ટ દ્વારા અદ્યતન સુવિધાયુક્ત ધર્મશાળા અને ભોજનશાળા વ્યવસ્થા પણ અર્ચન કરી ભાવિકો,યાત્રિકો ધન્યતા અનુભવે છે. અહીં સમયાંતરે અને પ્રસંગોપાત માતાજીના નવચંડી યાગ, હવન પણ યોજાય છે. વર્ષમાં અનેકવાર લોકોની આરોગ્ય સેવા અર્થે રક્તદાન શિબિર ઉપરાંત વિવિધ નિઃશુલ્ક કેમ્પોનું પણ સુંદર આયોજન કરાય છે.

# ડુપ્લિકેટ માર્કશીટ, ડુપ્લિકેટ સર્ટીફીકેટ અને માઈગ્રેશન તથા માર્કશીટ વેરિફિકેશન જેવી સેવાઓ એક જ કેન્દ્રથી કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત માધ્યમિક મને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે આવેલી બોર્ડની કચેરી ખાતે નવનિર્મિત વિદ્યાર્થી સેવા કેન્દ્રનું લોકાર્પણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરાયું હતું.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, શિક્ષણની ગુણવતા વધુ બળવત્તર બને તે માટે આપણે સૌએ સહિયારા પ્રયત્નો કરવા પડશે. આ માટે શિક્ષણ સાથે સંકળાયેલ તમામે મહેનત કરાવી પડશે. ગુજરાતના વિદ્યાર્થીને વિશ્વના વિદ્યાથી સાથે સ્પર્ધા કરવાની છે ત્યારે તેને વર્ગખંડ અને તેની બહાર પણ સુમેળ ભર્યુ વાતાવરણ પૂરું પાડીએ. શિક્ષણ ક્ષેત્રેની અડચણોનો ઉકેલ આપણે લાવવાનો છે. કોઈ બાળક અભ્યાસમાં નબળું હોય તો તેને પણ આગળ લાવવાનો પ્રયાસ કરવો પડશે, તેજ સાચો વિકાસ છે. તેમણે વિદ્યાર્થી સેવા કેન્દ્રની સમજ આપતા ઉમેર્યુ હતું કે, ઈ.સ. ૧૯૭૮ થી ૨૦૧૭ સુધીનાં વિદ્યાર્થીઓનો ધોરણ ૧૨ના પરિણામના રેકર્ડ યોગ્ય રીતે સાચવવામાં આવ્યા છે. તેમજ આવનારા સમયમાં બોર્ડનાં તમામ પરિણામનાં રેકર્ડ, પ્રમાણપત્રો અને માઈગ્રેશન વગેરેનું ડિઝીટાઈઝેશન કરવામાં આવશે. જેથી તમામ કામગીરી ઓન લાઈન થશે. જેનાં કારણેજ વિદ્યાર્થીઓનો સમય બચશે.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સુનયના તોમરે જણાવ્યું હતુ કે, આ સેવા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓના સમયની બચત થશે. તેમજ અંતરિયાળ ગામોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને એકજ જગ્યાએથી તમામ પ્રકારની સેવાઓ મળી રહેશે. જેથી તેઓને અભ્યાસની સાથે વિદેશ ભણવા જવું હોય, અન્ય રાજ્યની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો હોય કે માર્કશીટમાં સુધારા-વધારા કરાવવા હોય તો તે સુધારણા બાદ સુધારેલી માર્કશીટ પણ આપવામાં આવશે. આમ એકજ સ્થળેથી અનેક પ્રકારની સુવિધા મળી રહેશે. તેમણે કહ્યું હતુ કે, આવતા વર્ષથી ધોરણ ૧ થી ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ ક્રમ એનસીઈઆરટીના અભ્યાસક્રમ મુજબનો રહેશે. આ અભ્યાસક્રમ ભણાવતા શિક્ષકોએ બાળકો સાથે એક વાલીની જેમ બાળક સાથે વર્તવા અપીલ કરી હતી.

# ગુજરાત સરકાર, આઈડીએસએ અને ફીક્કીના સંયુક્ત ઉપક્રમે ડાયરેક્ટ સેલીંગ સ્ટેકહોલ્ડર્સ કોન્ફરન્સનું આયોજન કર્યુ

ડિપાર્ટમેન્ટ ઓફ ફુડ, સીવીલ સપ્લાય્સ, ગર્વન્મેન્ટ ઓફ ગુજરાત, અને ઈન્ડિયન ડાયરેક્ટ સેલીંગ એસોસીયેશન (આઈડીએસએ) એ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફીક્કી)એ ડાયરેક્ટ સેલીંગ સ્ટેકહોલ્ડર્સ કોન્ફરન્સનું ગાંધીનગર, ગુજરાત ખાતે ૩૦મી જાન્યુઆરીના રોજ આયોજન કર્યુ હતું, જેથી ગુજરાતમાં ડાયરેક્ટ સેલીંગ માટે નિયમનકારી માળખાની જરૂરીયાત અને મહત્વને સમજી શકાય. શ્રીમતી સંગીતા સિંહ, આઈએએસ, એસીએસ, ફૂડ સિવિલ સપ્લાય એન્ડ કન્ઝ્યુમર અફેર્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી, જેમાં ચાવીરૂપ ફાયનાન્સ, ઈન્ડસ્ટ્રી અને હોમ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ચીફ સેક્રેટરી ઓફ ગુજરાત, ડો. જે.એન.સીંઘ સાથેના અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

## વડનગરમાં અતિપછાત જાતિ વિકાસનો સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૩૦

વડનગરમાં અતિપછાત જાતિ વિકાસ સંગઠ્ઠન દ્વારા નિવૃત્ત કર્મચારી તથા તેજશ્વી તારલાઓનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં બારોટ, વાલ્મિકી, શ્રીમાળી સમાજ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી સમાજ ઉત્થાનની ચર્ચા કરી હતી.

નિવૃત્ત આઈ.પી.એસ. મનીષ એસ. કુમાર અને ડૉ. દિનેશકુમાર શ્રીમાળીએ શિક્ષણ ઉપર મહત્વ આપવા સમાજમાં અપીલ કરી હતી. કાર્યક્રમમાં અતિ પછાત વિકાસ સંગઠ્ઠનના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તેમજ નિવૃત્ત કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ટેક્સ રાહત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટમાં નાણાંકીય મજબૂતીની વાત કરી હતી. ધિરાણ લઈને ખર્ચ કરવાની લાંબી પરંપરાનો અંત લાવવાની વાત કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદના બજેટમાં નાણાંકીય ખાધને ત્રણ ટકા સુધી લાવવા માટેની સમય મર્યાદા પાછળ ધકેલી દેવામાં આવી છે. વધુ એક વર્ષ માટે ટાર્ગેટ સુધી પહોંચવા માટે સમય મર્યાદા લંબાવી દેવામાં આવે તેમ માનવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી નહીં હોવાના કારણે સતત ત્રીજા વર્ષે ટાર્ગેટને પહોંચી વળવામાં તકલીફ થઈ રહી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે, ટેક્સના મોરચે વધારે રાહત મળવાની અપેક્ષા દેખાઈ રહી નથી. મધ્યમ કદની કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ રેટમાં આંશિક ઘટાડો કરવામાં આવી શકે છે. સોમવારના દિવસે સંસદમાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે, ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટને વધુ લંબાવવામાં આવશે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે ટાર્ગેટ ૩.૨ ટકા છે અને સરકાર આને પહોંચી વળવામાં સફળ થાય તેવી શક્યતા ઓછી છે. કારણ કે, જુદા પડકારો રહેલા છે. ભારત, સિંગાપોર અને યુરોપમાં સ્થિત ૪૦ અર્થશાસ્ત્રીઓ પૈકીના ત્રણ ચતુર્થાંશ અર્થશાસ્ત્રીઓએ એવો મત આપ્યો છે કે, જેટલીના બજેટમાં ફિસ્કલ કન્સોલીડેશન અથવા તો નાણાંકીય મજબૂતી ઉપર મુખ્ય ભાર રહેશે. સબસિડીને વધારવાની દિશામાં ધ્યાન રહેશે તેમ માનનાર ખુબ ઓછા છે. વધુ લોકપ્રિય બજેટની અપેક્ષા રાખી રહેલા અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, સરકાર નવી સબસિડી જાહેર કરી શકે છે જેમાં ખેડૂતો માટે લોન માફી, આરોગ્ય સંભાળ ખર્ચમાં વધારો, ફ્યુઅલ પર ટેક્સમાં ઘટાડો અને ગ્રામિણ હાઉસિંગ સ્કીમમાં વધારો કરવાના સંકેત દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો એમ પણ માની રહ્યા છે કે, બજેટમાં કૃષિ સેક્ટર ઉપર ખાસ ધ્યાન અપાશે. કારણ કે, આગામી ચૂંટણી નજીક આવી પહોંચી છે.

## અટલ રાહ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટી ગત કેટલાક સમયથી કેન્દ્ર અને વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવાની વાત કરતી આવી છે. ખુદ પીએમ મોદી પણ ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં આ વાતની જોરદાર ભલામણ કરતાં રહ્યાં છે.

પીએમ મોદીએ તર્ક રજૂ કરતાં જણાવ્યું કે, ભારત જેવા વિશાળ દેશમાં સતત કોઈને કોઈ પ્રદેશમાં ચૂંટણીઓ ચાલતી રહે છે અને આચાર સંહિતાનો અમલ હોય છે. જેના કારણે વિકાસકાર્યો અવરોધાયા કરે છે. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્યોની અલગ-અલગ ચૂંટણી થવાને કારણે સંસાધનોનો પણ વ્યય થયા કરે છે. જેથી એક સાથે ચૂંટણી કરવાથી સમય, શક્તિ અને નાણાનો વ્યય અટકાવી શકાય છે.

કોંગ્રેસ પાર્ટી લોકસભા ચૂંટણીને જલદી કરાવવાના પક્ષમાં નથી. કોંગ્રેસનું માનવું છે કે, લોકસભા ચૂંટણી જેટલી મોડી થશે તેટલો તેને દેશમાં મોદી વિરોધી માહોલ બનાવવાનો સમય મળશે. અને તેનો રાજકીય લાભ મળી શકશે. જેથી કોંગ્રેસ પાર્ટી રાજ્યોની વિધાનસભા ચૂંટણી અને કેન્દ્રની લોકસભાની ચૂંટણી સાથે નહીં યોજવાના પક્ષમાં છે.

ભાજપ છેલ્લાં કેટલાક વખતથી કેન્દ્ર અને રાજ્યોમાં ચૂંટણી એકસાથે કરાવવાની વાત કરતી આવી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે જ પોતાના એક ઈન્ટરવ્યૂમાં તેની વકીલાત કરી હતી. પીએમ મોદીની દલીલ છે કે ભારત જેવા વિશાળ દેશમાં દરેક વખતે કોઈ ન કોઈ રાજયમાં ચૂંટણી થતી રહે છે અને આચારસંહિતા અમલમાં હોય છે. જેના કારણે વિકાસનાં કામો અટકી જાય છે.

ફેબ્રુઆરીમાં મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરામાં મતદાન થશે. એ પછી એપ્રિલમાં કર્ણાટક અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી થશે. ૨૦૧૯માં આંધ્રપ્રદેશ, અરૂણાચલ, ઓડિશા, સિક્કિમ, મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી થશે. એવામાં વિપક્ષોને લાગે છે કે નરેન્દ્ર મોદી પોતાની વ્યૂહરચનાથી ફરી એકવાર તેમને ચોંકાવી દેશે અને કેન્દ્રની ચૂંટણી પણ આ રાજ્યો સાથે કરાવીને પોતાની સામે કોઈ માહોલ ઊભો થાય તે પહેલાં જ જીત હાંસલ કરીને સત્તા જાળવી રાખવાનો દાવ રમી શકે છે.

## કોમી હિંસા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે. સોમવારે મોડી રાત્રે માલગોદામરોડ પર સ્થિત દુકાનમાં આગ લગાવી દેવામાં આવ્યા બાદ વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. આજે કાસગંજના અમનપુર વિસ્તારમાં સ્થિત ધાર્મિક સ્થળ પર તોડફોડ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા મોટી સંખ્યામાં પોલીસ જવાનો પહોંચી ગયા હતા. આ પહેલા પોલીસે હિંસાના મામલે કાર્યવાહી કરીને નજરે ગેટ વિસ્તારમાં કેટલાક લોકોને કસ્ટડીમાં લઈ લીધા છે. આને લઈને વિરોધ પ્રદર્શનનો દોર શરૂ થયો હતો. બજારો અને દુકાનો બંધ સ્થિતીમાં છે. જો કે જિલ્લામાં ઈન્ટરનેટ સેવા ફરી શરૂ કરી દેવામાં આવી છે. હિંસાના આરોપી મોહસીન નામના શખ્સની ધરપકડ કરવામાં આવી ચુકી છે. અત્રે નોંધનીય છે કે કાસગંજમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે તિરંગા યાત્રા દરમિયાન બે સમુદાય વચ્ચે વિવાદ થયો હતો. આ વિવાદ દરમિયાન અભિષેક ગુપ્તા ઉર્ફે ચંદન નામના ૨૨ વર્ષીય યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદથી કાસગંજમાં કોમી હિંસાનો દોર જારી રહ્યો છે.